# મધ્ય ગુજરાતના આદિવાસી સાહિત્ય ક્ષેત્રે તડવી દંપતિનું યોગદાન

ભૂમિકા એમ.વેકરિયા

## ૧. પ્રસ્તાવના

ગુજરાતમાં આદિવાસી મૌખિક સાહિત્ય અને સમાજ વિશે ભગવાનદાસ પટેલ, લોકસાહિત્ય સંશોધક જોરાવરસિંહ જાદવ, જયાનંદ જોશી, ડાયાભાઈ વાઢુ, શાંતિભાઈ આચાર્ય, હસુ યાજ્ઞિક, ઠાકોરભાઈ નાયક, સિદ્ધરાજ સોલંકી વગેરેએ ઘણા સંશોધનો કર્યા છે. ખુદ આદિવાસીમાંથી જે કેટલાક સાહિત્ય અને સમાજ વિશે સંશોધનો થયા છે તેમાં તડવી દંપતિનું પ્રદાન આ લેખમાં દર્શાવ્યું છે. ભગવાનદાસ પટેલે આદિવાસીઓના મૌખિક સાહિત્યને લિખિત સ્વરુપ આપીને કુશળ સંશોધક તરીકે કામ કર્યું છે. મૌખિક સાહિત્યમાંથી ઉજાગર થતી બાબતો સમકાલીન માનવજીવનના પ્રવાહો ઉપરાંત માનવઈતિહાસને સારી રીતે ઉજાગર કરે છે. આ રીતે તડવીદંપતિએ તત્કાલિન વડોદરા જિલ્લાના અને હાલમાં વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના કવાંટ, છોટાઉદેપુર, નસવાડી, સંખેડા, પાવીજેતપુર, ડભોઈ, કરજણ, વાઘોડિયા તાલુકામાં વસતા રાઠવા,વસાવા,તડવી અને ભીલ જાતિની સંસ્કૃતિના મૌખિક સાહિત્યને લિખિત સ્વરુપ આપીને ઈતિહાસ સંશોધનના ક્ષેત્રે નોંધનીય કામગીરી કરી છે. તેમના સાહિત્યને સમજવા માટે આ લેખને ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

(૧) તડવી દંપતિનો પરિચય અને પુસ્તકો
(૨) તડવી દંપતિના પુસ્તકોનું સામાજિક ઐતિહાસિક વિષ્લેષણ(લોકગીતો)
(૩) તડવી દંપતિના ગ્રંથોનું ઈતિહાસ સંશોધનમાં મૂલ્ય

ઉપરોક્ત બાબતોની વિસ્તૃત ચર્ચા અત્રે પ્રસ્તુત છે.

## ૧. તડવી દંપતિનો પરિચય અને પુસ્તકો

તડવી દંપતિ આદિવાસી જાતિના છે. તેમણે આદિવાસી સમાજ વિશે ગદ્ય અને પદ્ય એમ બન્ને પ્રકારના સાહિત્ય સ્વરુપોમાં આ દંપતિએ મહત્વનું કાર્ય કર્યું છે. શ્રી શંકરભાઈ તડવી એ પ્રાથમિક શાળાના શિક્ષક હતા અને તેમના પત્ની શ્રીમતી રેવાબેને ધોરણ-૪ સુધીનો અભ્યાસ કરેલો છે. સંશોધન માટે તમામ પાસાઓ નબળા કહી શકાય એવા હોવા છતાં પણ એક આદિવાસી દંપતિ માટે કોઈ પ્રેરણાસ્થાન હોય એ સ્વાભાવિક છે. તેમાં મુખ્યત્વે ભગવાનદાસ પટેલ, જોરાવરસિંહ જાદવ,જશવંત શેખડીવાળા, ખોડીદાસ પરમાર, જયમલ્લભાઈ પરમાર, હકુશાહ, પત્રકાર રતિલાલ જોગી, શ્રી રાજેન્દ્રભાઈ ભગત, રમેશચંદ્ર ચાવડા જેવા અનેક વિદ્વાનોના માર્ગદર્શન અને પ્રેરણાથી એક પછાત અને વંચિત વિસ્તારની અને તેમાં પણ સમાજના વંચિત સમુદાયના આદિવાસી દંપતિ દ્વારા એક ડઝનથી પણ વધુ સંપાદનો કર્યા છે. વિશેષ મહત્વની બાબત એ છે કે શંકરભાઈના પત્ની શ્રીમતી રેવાબેનનો આ કામગીરીમાં સાથ–સહકાર મળતા આ દંપતિએ સહિયારા પ્રયાસથી મધ્યગુજરાતની આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરી પ્રસંશનીય કામ કર્યું છે. આમ તેઓ સંશોધન અને સંપાદનના કાર્યમાં એકબીજા પૂરક બની રહ્યા. ગુજરાતમાં આદિવાસી દંપતિ દ્વારા આટલા બહોળા પ્રમાણમાં આદિવાસી સમાજ વિશે ક્ષેત્રકાર્ય કરી સંશોધન કરનાર તેઓ પ્રથમ દંપતિ છે. આગળ ઉલ્લેખ કર્યો તે મુજબ બે ડઝનથી પણ વધુ ગ્રંથો આ દંપતિએ સહિયારા પ્રયાસથી લખ્યા છે. જેની વિગત નીચે મુજબ છે.

(૧) આદિવાસીઓનો કલાવારસો (૧૯૭૯)
(૨) તડવી લગ્નગીતો અને વિધિઓ (૧૯૮૧)
(૩) કેસૂડા કામણગારાં (૧૯૮૩)
(૪) પરદેશી પરોણલો ((૧૯૮૪)
(૫) પાલની લોકસંસ્કૃતિ (૧૯૮૪)
(૬) પાલના રાઠવા
(૭) નીંદણાના ગીતો
(૮) ઢેબરાનું ઝાડ

(૯) લાલદે કુંવર અને હીરાંદેકુંવરી
(૧૦) મેવાસની લોકકથાઓ
(૧૧) ચૈતરે ચંપો મ્હોરિયો
(૧૨) તોફાની હેરણ
(૧૩) દારુનો દૈત્ય
(૧૪) રાધા ગોરી ને કહાન કાળો (૧૯૮૫)
(૧૫) આદિવાસી લોકમેળા(૧૯૮૬)
(૧૬) લગ્નપત્રિકા(૧૯૮૭)
(૧૭) સાહેલી એ આંબો મ્હોરિયો (૧૯૮૮)
(૧૮) સાગની સોટી સીસમની ડોંડી રે....(૨૦૦૧)
(૧૯) આદિવાસીઓનો કલાવારસો
(૨૦) મૂછોમેં માળો
(૨૧) આદિવાસી છૂંદણા
(૨૨) આદિવાસી સંસ્કૃતિનો સ્વાધ્યાય
(૨૩) મેવાસની લોકસંસ્કૃતિ
(૨૪) આદિવાસી લોકનૃત્યો

**૨. તડવી દંપતિના પુસ્તકોનું સામાજિક ઐતિહાસિક વિષ્લેષણ (લોકગીતો)**

ભારતની અન્ય પ્રજાની જેમ આદિવાસી પ્રજાની પોતાની આગવી પરંપરા અને સંસ્કૃતિ ધરાવે છે.પહેરવેશ, ઘરેણા,રીતરિવાજો, રુઢિ, માન્યતાઓ, વાદ્યો, સંગીત, લોકનૃત્ય, મેળાઓ, નૃત્ય વગેરે જેવી જેવું “લોકગીત” પણ આ સંસ્કૃતિના અભિન્ન અંગ સમાન છે. તડવી દંપતિએ તેમના ગ્રંથોમાં મુખ્યત્વે લોકગીતોનો સંગ્રહ કરેલો છે. ગુજરાતી ભાષામાં “લોકગીત” એટલે શું તે જાણીએ તો ગુજરાતની સ્ત્રીઓમાં મુખપાટીએ ગવાતાં કંઠસ્થ ગીતોનું “લોકગીત” નામાભિધાન શ્રી રણજિતરામ વાવાભાઈએ ઈ.સ.૧૯૦૫ માં આપ્યું. તે પછી મેઘાણી, જયમલ્લ પરમાર, ગોકુળદાસ રાયચુરા વગેરેએ કંઠસ્થ પદ્ય-ગીત સાહિત્ય માટે “લોકગીત” શબ્દ સ્વીકારી લીધો.[૧]તડવીદંપતિએ પોતાના ગ્રંથોમાં પણ આજ શબ્દ સ્વીકાર્યો છે. “લોકગીત” એ લોકસાહિત્યનો જ એક ભાગ છે. તેમાં સમસ્ત જનસમુદાયનું પ્રદાન હોવાથી તેમાં ધાર્મિક, ઐતિહાસિક લોકકથાનકવાળા, ઉપરાંત તે જે સમુદાયનું છે તેનું સાચું પ્રતિબિંબ દર્શિત થાય છે. [૨] તડવી દંપતિએ તેમના ગ્રંથોમાં આદિ્વાસી લાક્ષણિકતા દર્શાવતા લોકગીતો આપ્યા છે. અને કેટલાક ગ્રંથોમાંતો લોકગીતોની સમજૂતી પણ આપી છે. આદિવાસીઓમાં અનેક પેટાજાતિઓ જેવી કે તડવી, ભીલ, રાઠવા, નાયક વગેરેના ઉખાણા, કહેવતો, જોડકણા, લોકકથા, દંતકથા, લગ્નગીતો, મરશિયા, મેળાના નૃત્યના ગીતો, હોળીના ગીતો, ગાંધી અને કસ્તૂરબા વિશે તેમજ ઐતિહાસિક બનાવો વિશેની વિગતો તેમના સાહિત્યસર્જનમાંથી પ્રાપ્ત થાય છે. તેમણે ૧૯૮૧માં “તડવી લગ્નગીતો અને વિધિઓ “ નામે સંપાદિત કરેલા ગ્રંથની રચના કરવાની પ્રેરણા કઈ રીતે થઈ તે જોઈએ તો લોકસાહિત્યના સંપાદન વખતે મેવાસનાં લગ્નગીતોનું સંપાદન શંકરભાઈ તડવીએ કર્યું હતુ અને મેવાસી “લોકગીત” પ્રદેશ (પરિચય લેખ)ના એક ભાગ રુપે “બુદ્દિધપ્રકાશ” માં લગ્નગીતોનો પરિચય પ્રગટ કર્યો હતો. રેવાબેન તડવીએ સંખેડા તાલુકાના તડવીઓમાં ગવાતાં લગ્નગીતોનું સંપાદન શરું કર્યું. નવમાસના સમયગાળામા તેમણે તડવી જાતિમાં વિવાહસબંધ ના પ્રસંગથી માંડીને વર-વહુ પરણીને ઘેર આવે તથા વહુને તેડવાના સામસામા આણા વાળવા સુધીના પ્રસંગો દરમ્યાન ગવતા બધા ગીતોનું સંપાદન કર્યું છે.ગીતો જેવા સ્વરુપે ગવાતા સાંભળ્યા તેવા સ્વરુપે જ થોડાક અપવાદ સિવાય સંગ્રહ કર્યો. એ ગીતોમાંથી શિષ્ટ લાગતા પ્રકાશન યોગ્ય ગીતો લગ્નવિધિના પરિચય સાથે “સ્વાધ્યાય” માં બે લાંબા લેખોરુપે પ્રગટ થયા.અને આ ગીતો ફરીથી ગ્રંથ સ્વરુપે પ્રકાશિત થયા. [૩] મેવાસ પ્રદેશમાં તડવીઓની વિશાળ વસતી છે. આ ગ્રંથમાં લગ્નસંસ્કારથી લઈને છેક વરવધૂને પોંખવા સુધીની એમ કુલ ૨૪ જેટલી લગ્નવિધિઓને લગતા ૧૯૭ ગીતોનો સંગ્રહ આપેલો છે.

તેમણે ૧૯૮૩ લખેલ ગ્રંથ “કેસૂડા કામણગારા” માં કુલ ૮૪ લોકગીતોનો સંગ્રહ છે.૧૯૪૨માં શંકરભાઈ તડવી દ્વારા પ્રથમ સંપાદિત થયેલાં અને ૧૯૪૮ થી રેવાબેન તડવીની મદદથી લખાયેલા આ લોકગીતો મેવાસ પ્રદેશની ગ્રામ્ય આદિવાસી સંસ્કૃતનો ચિતાર આપે છે. તેમણે ભટ્રાલી, ગરડા, કોઠિયા, પોચંબા, સીમેલ વગેરે ગામોમાં જાતે ફરીને, રુબરુ સંપર્ક કરીને ગીતો સંપાદિત કર્યા છે. આ કાર્ય એક સ્ત્રી સંશોધક માટે દાદ માગી લે તેવું છે. મોટાંભાગના ગીતો રેવાબેને સ્વંકંઠેથી ઉતાર્યા છે. કેટલાંક શંકરભાઈએ સંપાદિત કર્યા છે.

ઉપરોક્ત બે ગ્રંથો તો માત્ર ઉદાહરણ રુપે ગણી શકાય પરંતુ આવા તો ઘણા બધા ગ્રંથો તેમણે સંપાદિત કર્યા છે. તેમાંના મહત્વના કેટલાક ગ્રંથો વિશે વાત કરી છે.

(૧) આદિવાસીઓનો કલાવારસો (જૂન૧૯૭૯) લેખક રેવાબેન તડવી,ઝરણું પ્રકાશન,પાવીજેતપુર, કુલ પૃષ્ઠ :૧૦૦)
આ પુસ્તકની પ્રસ્તાવનામાં તેમણે લખ્યું છે કે ...આદિવાસી લોકજીવનની કલાઓ પ્રત્યે અંગુલિનિર્દેશ કરીને,આદિવાસી જીવન આ છે-આવું છે. તે દર્શાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આ પુસ્તક કુલ ૧૨ પ્રકરણોમાં વહેંચાયેલું છે. તેમાં સંખ્યાબંધ – ૩૫ તસવીરો મૂકી છે. તસવીરની પોતાની પણ એક આગવી ભાષા હોય છે.

પ્રાચીનકાળના માનવીઓ શિકાર મળ્યાના આનંદમાં અણઘડ રીતે હાથપગ હલાવતા હૂલુરવ કરતા ગોળ ગોળ ફરતા એ આદિનૃત્ય અને તેમાંથી આદિવાસી નૃત્યનો જન્મ થયો. "આદિવાસીઓની મોટામાં મોટી સંસ્કાર સમૃદ્દિધ હોય તો તે તેના આદિવાસી નૃત્યો છે. જે ગુજરાતના લોકનૃત્યો કરતાં જુદી જ ભૂમિકા પર રચાયેલા છે અને ભારતમાં અન્ય ભાગોમાં જોવામાં આવતા આદિવાસી નૃત્યો સાથે વધુ મળતાં આવે છે." [૪] જુદા જુદા પ્રદેશોમાં જુદાજુદા નામે ઓળખાય છે. જેમકે રોળા, હાલેણી, ધમ્મિરયું, ટીમલી, માટલી, કૂદણીયુ, આલેણીયા, ઢોલનૃત્ય, ઘોડિલો ડાંડિયાનૃત્ય વગેરે પ્રકારો છે. [૫] પુસ્તકના પ્રથમ ત્રણ પ્રકરણોમાં નૃત્ય વિશે વાત કરી કે. સૌપ્રથમ આદિવાસીઓના નૃત્ય વારસા પ્રકરણમાં નૃત્યની ઉત્પતિ, નૃત્યના પ્રકાર,આદિવાસી નૃત્યોમાં તડવી,ભીલ,રાઠવાઅને નાયક જાતિના લોકનૃત્યો એક અભ્યાસી સંશોધકની દષ્ટીએ રજૂઆત કરી છે.આદિવાસી ભાષામાં નૃત્યને "ચાળો" તરીકે ઓળખવામાં આવે છે. વળી નૃત્યને "નાચ" પણ કહે છે ચાળો એ જૂનો શબ્દ છે.

લોકવાદ્યોની બનાવટ,તેના પ્રકારો તેમજ ક્યુ લોકવાદ્ય ક્યાપ્રસંગે વાપરાવામાં આવે છે.તેની વિસ્તૃત છણાવટ કરી છે. [૬] પીઠોરો આદિવાસીઓની સમગ્ર જીવનવ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક કલાકૃતિ છે.મુખ્યત્વે આ કલાકૃતિ વડોદરા,પંચમહાલ અને મધ્યપ્રદેશના આદિવાસી પ્રદેશોમાં જોવા મળે છે. આ પ્રકરણમાં પીઠોરાની નકશી,તે માટેના બીબા,રંગ,સ્થાન, અને કથાવસ્તુ વિશે ટૂંકમાં પરંતુ સમગ્ર ચિતાર આપ્યો છે.

(૨) રાધાગોરીને કહાન કાળો ! છે. (નવેમ્બર,૧૯૮૫)

આ દંપતિનું અન્ય એક મહત્વનું પુસ્તક "રાધાગોરીને કહાન કાળો !" છે. આ પુસ્તકમાં ક્રમ ૧૭૦ થી ૨૨૦ એમ કુલ ૫૧ "લોકગીત" આપેલા છે. જેમાં કૃષ્ણ ઉપરાંત ભાથુજી દેવ, જોગીની જમાત જેવા ધાર્મિક બાબતો અને તેમજ જસમા ઓડણ, વિસલદેવરાજા, જેવી ઐતિહાસિક બાબત તેમજ મહાત્મા ગાંધી અને કસ્તુરબા વિશેના લોકગીતો પણ આવરી લેવામાં આવ્યા છે. આમ મોહન થી મહાત્મા સુધીના ગીતોનો સમાવેશ કરાયો છે. ઉપરાંત નણંદ-ભોજાઈ,દાદાની દીકરી,ભાઈ-બહેનના હેત, નણંદ-ભોજાઈના વેરની આગ જેવી સામાજિક બાબતોને લગતા લોકગીતો છે.

દેશની આઝાદી માટે ગાંધીજી જેલમાં છે ત્યારે કસ્તૂરબા ગાંધીજીની ખબર કાઢવા જેલમાં જવા તૈયાર થતા હોય અને લોકો તેમને વારીને ધૈર્ય આપતા હોય એ ભાવ દર્શાવતું ગીત ચાંદપુરા (તા.સંખેડા) નાં વતની અંબાબેન પાસેથી૧૯૪૨-૪૩ ના અરસામાં મળેલું છે.

ફરતી ફરંગીની ફોજ રે કસ્તુરીબા !
મા તમા ગાંધી કા રે આવશે રે.
દાતણ સારતા જાવ રે કસ્તુરીબા!
મા તમા ગાંધી હવે આવશે રે.
દાતણ કરશું વાડીએ રે,

ફરતી ફરંગીની ફોજ રે કસ્તુરીબા !
મા તમા ગાંધી કા રે આવશે રે.
(અહીં ફિરંગી શબ્દ અંગ્રેજો માટે વપરાયો છે)

વળી ઠાકોર ઉપાડી જશે એવી બીકથી માબાપ પોતાની રુપાળી કન્યાઓ અને વહુઆરુઓને બહાર નીકળવા દેતા નહી. ઘરેણા પહેરીને ગમે ત્યાં ફરવા નહી.તે અંગેનું એક "લોકગીત".........

સાતે બેનડીઓ રે ! કૂવે પાણી ન જૈશ : કૂવે પાણી ન જૈશ
કોઈ ઘેલોમેં ઠાકોર લી જીશે !
પગોના કલિયાં રે! પગે જોલેણાં લેય : પગે જોલેણાં લેય.
કોઈ ઘેલોમેં ઠાકોર લી જીશે !
પગોના જાંજરા રે! પગે જોલેણાં લેય : પગે જોલેણાં લેય.
કોઈ ઘેલોમેં ઠાકોર લી જીશે ![૭]

### ૩. સાહેલી રે,આંબો મ્હોરિયો !(વિવિધ પ્રદેશ અને જાતિના લોકગીતો)

આ દંપતિએ સંપાદન કરેલ એક અન્ય પુસ્તક "સાહેલી રે,આંબો મ્હોરિયો !( વિવિધ પ્રદેશ અને જાતિના લોકગીતો)" માં જુદા જુદા શિર્ષક હેઠળ કુલ ૧૬ પ્રકરણોમાં સંખેડા,મેવાસ અને પાલ વિસ્તારમાં પ્રચલિત લોકગીતો નિરુપ્યા છે.

આઝાદી પૂર્વેના સમયમાં ભારતમાં નાના નાના રજવાડાઓ અને ઠકરાતોની સંખ્યા ખૂબ જ હતી. એક-બે ગામના ધણી હોય તેવા ઠાકોરો પણ હતા. અને તેમની મરજી એ જ કાયદો ગણાતો. વેઠની કામગીરીથી કંટાળેલા આદિવાસીઓમાં વેઠના જુલમ અંગે ભારે અણગમો છે. આ ગીત ગાતાં જઈ નાચી-કૂદીને વેઠના જુલમને કચરી નાખ્યાનો આનંદ તેઓ લે છે. વેઠના જુલમનું આ ગીત નસવાડી તાલુકાના પોચંબા ગામના શ્રી ત્રીકમભાઈ બાપુભાઈ ભીલ પાસેથી ૧૯૪૬ માં સંગ્રહેલું છે.

આજ લા કોનો વારો ?
ઈને વેઠે લગાડી દેંમ !
..................................
................................
આજ લા ઈસલાનો વારો,
ઈને વેઠે લગાડી દેંમ !
ટોપલીમેં દઈણ,
ઈને દળવા બેસાડી દેંમ ![૮]

સમાજમાં બનતા બનાવો,સમાજ ઉપર ઉતરી આવેલી અસર,સમાજબંધારણમાં થતાં ફેરફારો અને સમાજના સંઘર્ષને શ્રીમતી રેવાબેન તડવીએ લોકગીતોમાં આવરી લઈ આદિવાસી સમાજજીવન- સંસ્કૃતિનો ચિતાર આપ્યો છે.

### ૪. તડવી દંપતિ ના ગ્રંથોનું સંશોધનમાં મૂલ્ય

કોઈપણ સાહિત્યને અન્ય સુધી પહોંચાડવા માટે ભાષા એ અનિવાર્ય માધ્યમ છે. ઈ.સ.૧૯૫૬ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં ૧૬૫૨ ભાષાઓ હતી આજે ભારતમાં ૨૪૩ ભાષાઓ શેષ રહી ગઈ છે.વડોદરામાં કાર્યરત ભાષા સંશોધન કેન્દ્ર એ પ્રકાશિત કરેલા સર્વેક્ષણ અનુસાર ૮૦૦ જેટલી ભાષાઓ ભારતમાં જીવીત હોવાના પ્રમાણો મળ્યા છે. લુપ્ત થયેલી મોટાભાગની ભાષાઓ આદિવાસી ભાષાઓ છે. કારણ કે ભાષા લુપ્ત થવાથી જે-તે સમુદાય પોતાની પારંપરિક ઓળખ ગુમાવી દે છે, જે-તે સમુદાયનું પારંપરિક જ્ઞાન-વિજ્ઞાન,સાહિત્ય ,સંસ્કૃતિ, કસબ, ચિંતન, વિદ્યા, કલા,પરંપરાગત વિધિવિધાનો વગેરે ખતમ થઈ જાય છે.[૯]

તડવી દંપતિ એ લોકગીતોના સંપાદન દ્વારા આદિવાસી ભાષાને બચાવવાનું કાર્ય તો કર્યું છે. અને તે ભાષામાં રચાયેલા લોકગીતો દ્વારા આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરી છે. લોકગીતોરુપે સંપાદિત કર્યા હોવાથી ઈતિહાસ સંશોધનમાં પ્રથમકક્ષાની સાધન સામગ્રીની ભેટ ધરી છે. તેમણે ઓછા બોલા આદિવાસી સમુદાયની સંસ્કૃતિને પ્રકાશમાં લાવવાનું કામ કર્યું છે.

શિષ્ટ સાહિત્યમાં સર્જકની કલ્પનાલીલાના રંગ હોય છે પરંતુ લોક સાહિત્યમાં સાચો ઈતિહાસ હોય છે. આ સાહિત્ય જીવન અને સમાજનું પ્રતિબિંબ ઝીલતું રહ્યું હોવાથી જીવનના સોળે સંસ્કાર, દૈનિકજીવન, પરંપરાની રુઢિના રીતરિવાજ, જીવનઘડતરની શીખ, નિત્યકર્મ, વસ્ત્રાલંકાર, સાધનસામગ્રી વગેરે સર્વબાબતોનો વર્ણવે છે. આમ "લોકગીત" એ લોકજીવન સાથે અવિભાજ્ય સંબંધ ધરાવે છે. પતિની માફક રેવાબેન પણ આદિવાસીઓની અર્થ અને સમાજવ્યવસ્થાના અભ્યાસી છે.તેમણે લખેલા પુસ્તકો માત્ર ઈતિહાસના જ નહીં પરંતુ નહીં પરંતુ લોકસાહિત્ય, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવી અન્ય માનવવિદ્યાશાખાઓને માટે પણ અમૂલ્ય માહિતી પૂરી પાડે છે.આમ એક રીતે જોઈએ તો તેમનું આ યોગદાન આધુનિક સંશોધનપદ્ધતિઓમાં આંતરવિદ્યાકીય સંશોધન માટે સંશોધનનું ઉત્તમ ઉદાહરણ છે. આ દંપતિએ મેવાસના ઉંડાણના ગામડાંઓમાં આદિવાસીઓ સાથે રાતવાસા કરીને માહિતી એકત્ર કરીને જુદી જુદી આદિવાસી જાતિઓના ગીતો સંપાદિત કર્યા છે.મહત્વની બાબત એ છે કે પોતે પણ આદિવાસી સમાજના જ હોવાથી તેઓ સારી રીતે સમજી શક્યા છે અને સાચી માહિતી પ્રાપ્ત કરી શક્યા છે.

## ૫. ઉપસંહાર

ગુજરાતમાં આદિવાસી સાહિત્યનું સંશોધન અને સંપાદન એક લાંબી પરંપરા રહી છે. અનેક દેશી-વિદેશી અને ખુદ આદિવાસી સંશોધકો અને સંપાદકોએ તેમનું યોગદાન આપ્યું છે. જેમાં આ તડવીદંપતિએ ખાસ કરીને મધ્ય ગુજરાતના આદિવાસીઓ પર પોતાનું સંશોધન કેન્દ્રીત કરીને ઈતિહાસની મૌખિક સાધન સામગ્રી ક્ષેત્રે મોટું પ્રદાન આપ્યું છે. આદિવાસી જેવા વિકસતા સમુદાયોનો ઈતિહાસલેખનમાં લિખિત સ્રોતોની મોટી અછત વર્તાય છે ત્યારે તેમણે પરિશ્રમપૂર્વક જે આદિવાસીઓના મૌખિક સાહિત્યને લિખિત સ્વરુપ આપ્યું તેનો જોટો જડે તેમ નથી. અને તેવું જ કાર્ય તડવી દંપતિએ મધ્યગુજરાતના આદિવાસી વિસ્તારોના મૌખિક સાહિત્યને લિખિત સ્વરુપ આપીને મહત્વનું યોગદાન આપ્યું છે.

## સંદર્ભ સૂચિ

૧. ખોડીદાસ પરમાર(સંપા),ગુજરાતના લોકગીતો, સાહિત્ય અકાદમી, નવી દિલ્હી, ૧૯૮૧,પૃ.૫
૨. એજન,પૃ.૨૧
૩. રેવાબેન તડવી,"તડવી લગ્નગીતો અને વિધિઓ,પાવીજેતપુર,૧૯૮૧,પૃ.૮
૫. રેવાબેન તડવી આદિવાસીઓનો કલાવારસો, ઝરણું પ્રકાશન,પાવીજેતપુર,૧૯૭૯,પૃ.૬
૪. એજન, પૃ.૫.
૬. એજન, પૃ.૪૭.
૭. તડવી રેવાબેન,રાધાગોરીને કહાન કાળો,છોટાઉદેપુર,૧૯૮૫,પૃ.૭૦.
૮. તડવી રેવાબેન,સાહેલી રે,આંબો મ્હોરિયો !,છોટાઉદેપુર,૧૯૮૮,પૃ.૬૮-૬૯.
૯. આનંદ વસાવાનો લેખ–વસાવી ભાષાનું વ્યાકરણ, આદિલોક અંક-૧વર્ષ-૯,જાન્યુ.ફેબ્રુ- ૨૦૧૭,અમદાવાદ,પૃ.૨૬